**Vidhyayana - ISSN 2454-8596**

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

**www.j.vidhyayanaejournal.org**

**Indexed in: ROAD & Google Scholar**

# ગુડઝ અને સર્વિસ ટેકસ (GST) ની સાદી સમજ:

**Thanki Punitkumar Venilal**

Research Scholar Department of Economics

Saurashtra University

આપણા દેશમાં માલ અને સેવાઓ ઉપર કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર દ્વારા જુદા - જુદા પ્રકારના વેરાઓ લાદવામાં આવતા હતા. દા.ત. વેટ, એક્સાઈઝ, સર્વિસ - ટેક્સ, મનોરંજન કર, એન્ટ્રી ટેક્ષ, કેન્દ્રીય વેરો વગેરે. ભારત સરકારે તાજેતરમાં એક ઐતિહાસિક નિર્ણય લઈને આ તમામ પ્રકારના વેરાઓને એક છત્ર હેઠળ આવરી લેવા માટે GST કાયદાને મંજૂરી આપતો ખરડો પસાર કરેલ છે.

➢ **સંદર્ભ સાહિત્યની સમીક્ષા:**

**પુસ્તકો**

**કાલ્ડોર ( 1956 )**

કાલ્ડોરે ભારતીય કર પ્રણાલીને એક આદર્શ કર પ્રણાલી તરીકે અભિવ્યક્ત કરી છે. કર પ્રણાલીની અનાવશ્યક ગુચવણીઓ સંખ્યાબંધ હોવા છતાં તેમના મતે આ કર પ્રણાલીમાં વિશાળ ફેરફારો શક્ય છે . કદાચ તેમાં ગરીબીના કારણે કર તફાવતનું વાસ્તવિક અપેક્ષિત પરિણામ શું જાણવા મળશે તેને ધ્યાનમાં રાખવામાં આવ્યું છે.

**હિક્સ ( 1958 )**

હિકસ કાલ્ડોર દ્વારા આપવામાં આવેલ કર સુવિધા અંગેના અહેવાલની પ્રશંસા કરી અને તે અંગે વિશ્લેષણ કર્યું છે. અહીં માત્ર મૂડી - લાભ કર અને ઉપર દર્શાવેલા અન્ય કરો દ્વારા આવક વિભાગની કાર્યક્ષમતા વધારવા ની ભલામણ કરી છે. 1) મૂડી લાભ કર, 2) કુલ મૂડી સંપત્તિ પર નો વાર્ષિક કર,

3) વ્યક્તિગત પ્રગતિશીલ ખર્ચ, ૪) બિન જરૂરી તમામ પરિવહન કર

**નોલેજ કોન્સટ્રીયમ ઓફ ગુજરાત ગવર્મેન્ટ ઓફ હાયર એજ્યુકેશન (૨૦૧૭):**

ગુજરાત સરકારના લેખ “An overview of GST in India” ના મતે જીએસટી ના માર્ગ માં વિવિધ પડકારો રહેલા છે. પરંતુ તેની સામે તેના કેટલાક ફાયદાઓ પણ છે. તેથી તેનો ઉપયોગ તર્કસંગત રીતે થાયતે જરૂરી છે. ભારત જેવા રાષ્ટ્રોમાં જીએસટીના અસરકારક અમલીકરણ માટેનો મુખ્ય હેતુ વેટમાં પરિવર્તન લાવવાનો છે. જીએસટી એક વ્યાપક પરોક્ષ કર છે. જે કેન્દ્ર અને રાજ્ય સરકારના તમામ પ્રકારના પરોક્ષ કરવેરાનું સંયુક્ત પરિણામ છે. તેથી સરકાર દ્વારા એવું કહેવામાં આવે છે કે જીએસટી ગ્રાહકો તથા ઉત્પાદકો માટે ફાયદાકારક રહેશે.

➢ **સંશોધન પદ્ધતિ:**

આ અભ્યાસ એ ગૌણ માહિતીના આધારે એટલે કે જુદા જુદા દસ્તાવેજી સ્રોતના આધારે તૈયાર કરવામાં આવેલ છે. જે માહિતી વિવિધ સ્રોત માંથી પ્રાપ્ત કરવામાં આવી છે. આ પેપર માટે સમાચાર પત્રોના આર્થિક લેખ, ઇન્ટરનેટ પરની જુદી જુદી વેબસાઈટ અને અર્થશાસ્ત્રના જુદા જુદા પુસ્તકો, જર્નલો, રિસર્ચ પેપરો વગેરે દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે.

➢ **જી.એસ.ટી. (GST)ની સામાન્ય વિશેષતાઓ:**

આ વેરો ઉત્પાદન તથા વેચાણ / સર્વિસના દરેક તબક્કે લાગશે.

સામાન્ય રીતે આ ટેક્સ બે ભાગમાં છે.

**(૧) CGST:** કેન્દ્ર સરકાર હેઠળ આવશે.

**(૨) SGST:** રાજ્ય સરકાર હેઠળ આવશે.

» આ બન્ને GST તમામ પ્રકારના કરપાત્ર માલ તથા સેવાઓ પર લાગુ પડશે.

» રાજયની અંદર જો માલ આપતા હોય અથવા સેવા આપવામાં આવી હોય તો તેના પર SGST અને CGST બંને સમાન દરે લાગશે.

**(3) IGST (Integrated GST):**

» સામાન્ય રીતે માલ તથા સેવાના આંતર રાજય હેરફેર પર આ ટેક્સ લાગશે.

» જો માલ કે સેવાનો સપ્લાય આંતર રાજ્ય એટલે કે એક રાજ્યમાંથી અન્ય રાજયમાં કરવામાં આવે તો એના પર ઈન્ટગ્રેટેડ GST (IGST) વસૂલ કરવામાં આવશે.

» IGST નો દર CGST અને SGST ના કુલ દર બરાબર હશે.

» GST ના આ દ્વિસ્તરીય કરમાળખાનો અમલ ત્રણ વિભિન્ન કાયદા થકી કરવામાં આવેલ છે.

(૧) CGST એક્ટ, ૨૦૧૭

(૨) GST કે UGST એક્ટ, ૨૦૧૭ અને

(3) IGST એક્ટ, ૨૦૧૭.

- **GST માળખામાં નીચે મુજબની માલ / સેવાઓ બાકાત રહેશેઃ**

- GST થી કરમુક્ત માલ તથા સેવાઓની યાદીમાં જેનો સમાવેશ કરવામાં આવેલ હોય તે માલ અને સેવાઓ
- GST માં જેનો સમાવેશ કરવામાં ન આવેલ હોય તેવા તમામ પ્રકારના માલ / સેવાઓ

જે વ્યક્તિની આવક / વકરો ( ટર્નઓવર ) કાયદામાં નિયત કરેલ તેવી મર્યાદા કરતા ઓછું હોય તેવી સેવા / માલ

- **GST ના અપેક્ષિત દરો:**

| | |
|---|---|
| 1 | જીવન જરૂરિયાતની વસ્તુઓ ઉપર – કર માફી અથવા ૫ % |
| 2 | સામાન્ય ચીજ વસ્તુઓ ઉપર - ૧૨ % |
| 3 | અન્ય વસ્તુઓ ઉપર - ૧૮ % |
| 4 | લક્ઝરી માલ ઉપર - ૨૮ % |
| 5 | અમૂક ખાસ વસ્તુઓ / નિકાસ , SEZ એ સપ્લાય - 0 % |

- **GST ના ક્ષેત્રની બહારની વસ્તુઓ (વેરાઓ):**

પેટ્રોલીયમ પેદાશો, તમાકુ અને તમાકુની બનાવટો, તથા દારૂ- હાલના તબક્કે ... થી બહાર રહેશે અને કેન્દ્ર સરકાર નક્કી કરશે તે મુજબ કેન્દ્ર / રાજય સરકાર આ વસ્તુઓ / સેવાઓ

ઉપર વેરો ઉઘરાવશે. આવા માલ / સેવાઓ ઉપર વેરો ઉઘરાવવાની સત્તા રાજય સરકારની રહેશે.

- **GST વેરો કોને લાગુ નહી પડેઃ**

સામાન્ય રીતે જે વ્યક્તિનું વાર્ષિક સપ્લાયનું ટર્નઓવર ( માલ / સેવાનું ) ૨૦ લાખથી ઓછું હશે , તેને લાગુ પડશે નહીં .

- **GST ના ત્રણ પ્રકાર માટે:**

GST ના કાયદાના ત્રણ પ્રકારો રહેશે જે આપણે આગળ જોયુ:

૧) SGST   ૨) CGST   ૩) IGST

Intrastate Supply of Goods & Services માટે:

**1) SGST (રાજ્ય સરકારનો વેરો):**

SGST માં હાલના તબક્કે વેટ, મનોરંજન વેરો, લકઝરી ટેક્ષ, લોટરી, બેટીંગ, ગેમ્બલીંગ પરનો વેરો, રાજયોના લગતા સેસ અને સરચાર્જ તેમજ એન્ટ્રી ટેક્ષને આ કાયદામાં મર્જ કરીને રાજ્ય ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ એમ નામ આપવામાં આવેલ છે.

આ કાયદા હેઠળ જે વેરાનો દર નક્કી થાય તે રાજય દ્વારા લેવાશે અને તે વેરો રાજ્યનો ગણાશે.

2) CGST:

એટલે કે કેન્દ્ર સરકારને મળવાપાત્ર વેરો આ CGST માં એક્સાઈઝ ડ્યુટી, વધારાની એક્સાઈઝ ડ્યુટી તથા અન્ય કાયદા હેઠળ લાગતી એક્સાઈઝ ડ્યુટી (મેડીસીનલ અને ટોયલેટરીઝ પ્રમોશન એક્ટ), સર્વિસટેક્ષ, વધારાની કસ્ટમ ડ્યુટી, સ્પેશ્યલ એડીશનલ ડ્યુટી ઓફ કસ્ટમ્સ, સેસ અને સરચાર્જનો સમાવેશ આ કાયદામાં કરવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ કાયદાને આ કાયદામાં ભેળવીને હવે CGST લાગશે અને આ CGST કેન્દ્ર સરકાર ઉઘરાવશે એટલે કે આ વેરો કેન્દ્ર લેવામા / આવકારવામાં આવશે. જે અગાઉ ઉપર મુજબ અલગ અલગ રીતે કેન્દ્ર દ્વારા ઉઘરાવવામાં આવતો હતો.

(3) IGST વેરોઃ

IGST માલ અને સેવાઓના આંતર રાજય વ્યવહારો ઉપર લાગુ પડશે. એટલે કે જે માલ / અને સેવાઓના રાજ્ય બહાર સપ્લાય કે સેવાઓ કરવામાં આવશે તેના ઉપર વેરો લેવામાં આવશે અને આથી આ વેરો કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે જે અગાઉ કેન્દ્રીય વેરો એટલે કે આંતરરાજય વેચાણ ઉપર સી - ફોર્મ સામે કે સી ફોર્મ વગર જે વેચાણ થતું હતું તે પ્રકારનો આ વેરો છે અને હવે આમાં આંતર રાજ્ય સેવાઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

➢ **સામાન્ય માળખું:**

1) રાજયની અંદર માલ અથવા સેવાના સપ્લાય પર : Intra State Supply - સેન્ટ્રલ GST (CGST) અને રાજય GST ( SGST ) બન્ને લાગુ પડશે

2) આંતરરાજય માલ અથવા સેવાના સપ્લાય પર : Intra State Supply ઈન્ટગ્રેટેડ GST ( IGST ) લાગુ પડશે.

3) આયાત ઉપરઃ IGST લાગશે.

4) નિકાસ - જીરો રેટેડ ટેક્ષ

જો કે અમુક મૂળભૂત બાબતો જેવી કે કરપાત્ર ઘટના, માલ કે સેવાનું વર્ગીકરણ કરપાત્ર સપ્લાયની મૂલ્ય આકારણી વગેરે સંબંધી જોગવાઈઓ ત્રણેય કાયદાઓમાં એકસમાન રહેશે.

5) અમુક ખાસ પ્રકારની સેવાઓ અથવા માલ પર, સેવા અથવા માલ સપ્લાય કરનારને બદલે સેવા /માલ લેનારને GST ભરવું પડશે.

૬) GST નંબર વગરની વ્યક્તિ પાસેથી માલ કે સેવા લેનારે પણ GST ભરવું પડશે.

➢ **રજીસ્ટ્રેશન (નોંધણી) ની જોગવાઈઓ:**

**(અ) રજીસ્ટ્રેશન માટેની નક્કી કરેલા સપ્લાયના ટર્નઓવરની મર્યાદા:**

- ૨૦ લાખ નોર્મલ કેટેગરી

- ૧૦ લાખ પૂર્વના રાજયો જેવા કે - આસામ - મેઘાલય - અરૂણાચલ - મણીપુર - ત્રીપુરા - મિઝોરમ – નાગાલેન્ડ અને સિક્કીમે માટે

**(બી) ફરજીયાત રજીસ્ટ્રેશનઃ અમુક વ્યક્તિને ફરજીયાત રજીસ્ટેસન કરવું પડશે:**

- આંતરરાજ્ય ટેક્સેબલ સપ્લાય કરનાર
- પ્રાસંગીક ( Casual ) ટેકસેબલ સપ્લાય કરનાર
- જે લોકો રીવર્સ ચાર્જ હેઠળ વેરો ભરવા જવાબદાર હોય
- નોન રેસીડેન્ટ ટેક્સેબલ વ્યક્તિ
- જે લોકો GSTTDS માટે જવાબદાર હોય
- ઈ-કોમર્સ ઓપરેટર દ્વારા માલ / સેવા સપ્લાય કરનાર વ્યક્તિ
- ઈ - કોમર્સ ઓપરેટર્સ
- ઈપુટ સર્વિસ ડીસ્ટ્રીબ્યુટર્સ
- કેન્દ્ર / રાજ્ય જે વ્યક્તિને નોટીફાય કરે તે વ્યક્તિઓ

**(સી) ધંધાની જગ્યા:**

જે રાજયમાંથી કરપાત્ર માલનો સપ્લાય / સર્વિસ થાય તે રાજયમાંથી રાજીસ્ટ્રેશન લેવાનું રહેશે.

**(ડી)** હાલમાં જે વ્યક્તિ વેટ અથવા સર્વિસ ટેક્ષ અથવા સેન્ટ્રલ એકસાઈઝ હેઠળ નંબર ધરાવતી હોય તેને પણ GST હેઠળ નવેસરથી નોંધણી કરાવવી પડશે.

**(ઈ)** જે વ્યક્તિ અલગ અલગ રાજયમાં ધંધો / વ્યવસાય કરતી હોય, તેને દરેક રાજ્યમાં અલગ અલગ નંબર લેવા પડશે.

**(એફ)** જે વ્યક્તિનું ટર્નઓવર GST માં નક્કી કરેલ ગુડ્ઝ / સર્વિસની ટર્નઓવરની મર્યાદા કરતા ઓછી હશે તો રજીસ્ટ્રેશનની જરૂરીયાત રહેશે નહી. આમ છતાં તેઓ ઈચ્છે તો મરજીયાત રજીસ્ટ્રેશનની જોગવાઈ મુજબ રજીસ્ટ્રેશન લઈ શકશે.

➢ **નોંધણી નંબરને લગતી અન્ય વિગતો:**

- SGST અને CGST એટલે કે બંને નંબર લેવા પડશે.
- આંતરરાજ્ય સપ્લાય કરતાં હોય તો IGST નંબર પણ લેવો પડશે.
- જો અલગ અલગ રાજયોમાં ધંધો / વ્યવસાય કરતા હો તો દરેક રાજય માટે અલગ અલગ નોંધણી નંબર મેળવવાના રહેશે.
- જે તારીખે વ્યક્તિ નોંધણી મેળવવા માટે જવાબદાર હોય તે તારીખથી ૩૦ દિવસમાં તે વ્યક્તિએ અરજી કરવાની રહેશે.
- નોન રેસીડન્ટ કરપાત્ર વ્યક્તિ સિવાયના કેસોમાં નોંધણી નંબર મેળવવા PAN No. હોવો ફરજીયાત છે.
- કોઈ વ્યક્તિને કોઈ રાજયમાં એકથી વધુ બીઝનેશ ડિવીઝન (vertical segment) હોય તો દરેક ડિવીઝન માટે અલગ નોંધણી નંબર મેળવી શકશે. આ સવલત મરજીયાત છે.
- નોંધણી નંબર ૧૫ આંકડાનો હશે.

  ○ પ્રથમ બે આંકડાએ જે તે રાજયને નિર્દિષ્ટ કરશે.

  ○ ૩ થી ૧૨ નંબરના આંકડા PAN નંબરના હશે.

  ○ ૧૩ મો આંકડો રાજયમાં તેના કેટલા નંબર છે તે દર્શાવશે.

- ૧૪ મો આંકડો ખાલી હશે.
- અને છેલ્લો એટલે કે ૧૫ મો આંકડો નંબર એ તે વ્યક્તિને ઓળખાવતો આંકડો રહેશે.

- નોંધણી નંબરની અરજી કર્યાની તારીખથી જવાબદાર અધિકારી દ્વારા દસ્તાવેજમાં જો કોઈ ખામી હોય અને જો તે ખામીની કામકાજના ત્રણ દિવસમાં જાણ નહીં કરવામાં આવે તો નોંધણી નંબર આપી દેવામાં આવ્યો છે તેમ માની લેવામાં આવશે.

➢ **માલ કે સેવા પર ટેક્સ અંગે:**

- સામાન્ય સંજોગોમાં બીલમાં જણાવેલ રકમ પર ટેક્ષ લાગશે.
- આ ઉપરાંત જે રકમનો સમાવેશ વ્યક્તિએ કિંમતમાં કરેલ નથી અને માલ લેનાર પાસેથી રકમ વસૂલ કરેલ નથી તો તેવી રકમ ઉપર પણ ટેક્ષ ભરવાનો રહેશે.
- કોઈને મફત માલ આપવામાં આવ્યો હોય કે ઘટાડેલ કિંમતે પણ આપેલ હોય તો પણ તે માલની મૂળ કિંમત ઉપર જ વેરો ભરવો પડશે.
- રોયલ્ટી અને લાયસન્સ ફી ઉપર પણ વેરા ભરવાનો થશે.
- ઈત્તર ખર્ચાઓ જેવા કે પેકીંગ, ટ્રાન્સપોર્ટ, રોયલ્ટી, કમીશન જેવા ખર્ચાનો માલની કિંમતમાં સમાવેશ કર્યો હશે તો તેના પર ટેક્ષ લાગશે.
- સબસીડીવાળા માલના સપ્લાય ઉપર સબસીડીની કિંમત સહીતની કિંમત ઉપર વેરો લાગશે.
- રીએમ્બર્સમેન્ટ ( ખર્ચાઓ ) : સપ્લાયરે કરેલા કોઈપણ ખર્ચાઓનું રીએમ્બર્સમેન્ટ જયારે કરવામાં આવે તો તે રીએમ્બર્સમેન્ટની રકમ ઉપર વેરો લાગશે.

- સપ્લાય પછી પણ ડીસ્કાઉન્ટ આપેલ હોય એટલે કે બીલમાં તેનો સમાવેશ કરવામાં ન આવેલ હોય તો તેવો ડીસ્કાઉન્ટ બાદ નહીં મળે.
- વ્યક્તિ એ ઓળખાણના કારણે ઓછી કિંમતે માલનું સપ્લાય / અથવા સેવા આપેલા હશે તો પણ મુળ કિંમત ઉપર વેરો ભરવાનો થશે .

➢ **ઈનપુટ ટેક્ષ ક્રેડીટની જોગવાઈઓ:**

**ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ( ITC ) કોને અને ક્યારે મળશે?**

- જે વેપારી પાસે મરજીયાત કે ફરજીયાત GST રજીસ્ટ્રેશન નંબર મેળવેલ હોય ઈનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) મળવાપાત્ર છે.
- જે વેપારી તેના બંધારણમાં વેચાણ, ડીમર્જન, લીઝ કે ટ્રાન્સફર દ્વારા ફેરફાર થતો હોયતો પણ વપરાયેલ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ જેને ધંધો ટ્રાન્સફર, તબદીલ થયો હોય ઈનપુટ ટેક્ષ ક્રેડીટ (ITC) હસ્તાંતર કરી શકાશે.

**ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ( ITC ) મળવાપાત્ર શરતો:**


- માલ / સેવાઓ ઉપર ચૂકવેલ વેરાની ક્રેડીટ લેવા માટે પ્રથમ તેનું બીલ / ડેબીટ નોટ હોવી જરૂરી છે.
- વેપારીને માલ કે સેવાઓ ખરેખર મળેલી હોવી જોઈએ.
- જે વેપારી પાસેથી માલ કે સેવા મળેલ હોય તેણે ખરેખર પોતાનો વેરો ચૂકવેલ હોવો જોઈએ.
- જે વેપારીએ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ માગતા હોય તેણે પોતાના પત્રકો ભરેલ હોવા જોઈએ.

- જો બીલની સામે માલ / સેવાઓ કટકે કટકે આપેલ હોય તો માલનો છેલ્લો કટકો મળ્યા પછી જ બીલમાં દર્શાવેલી ટેક્ષની રકમ ઈનપુટ તારીખે ક્રેડીટ મળશે .

| જી.એસ.ડી. દ્વારા પ્રાપ્ત થતી આવક: GST Revenue FY 2019-2020 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **Month** | **CGST** | **SGST** | **IGST** | | | **CESS** | | | **Grand Total** |
| | | | **Domestic** | **Customs** | **Total** | **Domestic** | **Customs** | **Total** | |
| **April** | 21,163 | 28,801 | 31,444 | 23,289 | 54,733 | 8,115 | 1,053 | 9,168 | **113,865** |
| **May** | 17,811 | 24,462 | 25,016 | 24,875 | 49,891 | 7,172 | 953 | 8,125 | **100,289** |
| **June** | 18,366 | 25,343 | 25,792 | 21,980 | 47,772 | 7,581 | 876 | 8,457 | **99,938** |
| **July** | 17,912 | 25,008 | 26,366 | 24,246 | 50,612 | 7,754 | 797 | 8,551 | **102,083** |
| **August** | 17,733 | 24,239 | 24,140 | 24,818 | 48,958 | 6,432 | 841 | 7,273 | **98,203** |
| **Septemr** | 16,630 | 22,598 | 22,972 | 22,097 | 45,069 | 6,892 | 728 | 7,620 | **91,917** |
| **October** | 17,582 | 23,674 | 25,071 | 21,446 | 46,517 | 6,833 | 774 | 7,607 | **95,380** |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **Novemr** | 19,592 | 27,144 | 28,080 | 20,948 | 49,028 | 6,858 | 869 | 7,727 | **103,491** |
| **Decembr** | 19,962 | 26,792 | 26804 | 21295 | 48,099 | 7484 | 847 | 8,331 | **103,184** |
| **January** | 20,944 | 28,224 | 29,532 | 23,481 | 53,013 | 7,813 | 824 | 8,637 | **110,818** |
| **February** | 20569 | 27348 | 27758 | 20745 | 48503 | 7907 | 1040 | 8947 | **105366** |
| **March** | 19183 | 25601 | 26452 | 18056 | 44508 | 7465 | 841 | 8306 | **97597** |
| **Total** | **22747** | **309234** | **31947** | **267276** | **586703** | **88306** | **10443** | **98749** | **1222131** |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar




Source:

http://gstcouncil.gov.in/sites/default/filrs/.GST_Revenue_april2019_march2020_0.pdf

- **તારણો:**

1. ભારતમાં જી.એસ.ટી. અમલી બનાવાથી 11 પ્રકારના પરોક્ષ કરવેરાઓ સેસ અને સરચાર્જની નાબૂદી કરવામાં આવી છે.
2. વ્યાપાર અને ઉદ્યોગોમાં ટેક્ષ રિટર્ન રિફંડ અને કરની ઇલેક્ટ્રોનિક પ્રક્રિયા GST N નેટવર્ક દ્વારા થતી હોવાથી ભ્રષ્ટાચાર અને કરચોરીમાં ઘટાડો થશે.
3. જી.એસ.ટી. અમલી બનવાથી ભવિષ્યમાં ચીજવસ્તુઓ અને સેવાઓ અંગેના કાનૂની વિવાદોમાં ઘટાડો થશે.

**સંદર્ભસૂચિ:**

શાહ, ટી.(2017), GST એક આગવી સમજ, અમદાવાદ

શેઠ,એન.(2016), GST કાયદાની સમજ આપતી માર્ગદર્શિકા, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિ,ગાંધીનગર.

શાહ,ટી.(2016), GSTની સાદી સમજ,અમદાવાદ.

Hicks, v. (1958), Mr. Kaldor's Plan for the reforms of Indian Taxes, the economic Journal a Qurterly journal of the royal economic society, London, vol. LUX-III, PP.160-169.

Kaldor, N. (1956), Indian tax reform report of a survey, Ministry of Finince, Govt. of Indian, New Delhi.

Kaldor, N. (1959), Indian tax reform report of a survey, Ministry of Finince, Govt. of Indian, New Delhi.

Knowledge Consortium of Gujarat (2017), An Overview of GST in India. *Dept. of Higher Education Journal of Commerce and Management*.

Mahendra, P. (2017), GST effect on Manufacturing Industry-India. *International* Journal *of Managerial Studies and Research*,5(1),15-21

Purohit, M. (2001), Value added Tax: Experience of India and other Country, Gayatri Publication New Delhi.